# ભારતીય રેલ્વે કર્મચારી સેવા

ભારતીય રેલ્વે કર્મચારી સેવા (આઈ.આર.પી.એસ.) અધિકારીઓ ભારતીય રેલ્વેના કર્મચારીઓના કલ્યાણને લગતી કામગીરીઓનું સંચાલન કરે છે. રેલ્વેમાં ૧.૫ મિલિયનથી વધુ કર્મચારીઓ છે, આ કારણોસર આઈ.આર.પી.એસ. આંતર-સેવા સંબંધો અને રોજગારની પરિસ્થિતિઓના વ્યવસ્થાપનમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજતાથી વાત કરી શકો છો
- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- તમે ગણિતમાં સારી પક્કડ ધરાવો છો
- તમે નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬૮,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. એન્જિનિયરીંગ, કોમર્સ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્સીમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ સમાન અથવા સંબંધિત વિષમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. UPSC દ્વારા આયોજિત ભારતીય રેલવે વ્યવસ્થાપન સેવા પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

વર્ગ-એ કેન્દ્રીય નાગરિક સેવા અધિકારીનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૨,૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://upsconline.nic.in/daf/daf2_csm_2022/eGazette_CSM_Engl.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય રેલવે, સરકારી એજન્સીઓ અને મંત્રાલયના વિભાગો

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. તમારે ટીમનું સંચાલન કરવાનું બની શકે છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ નથી. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

મદદનીશ કર્મચારી અધિકારી → વરિષ્ઠ કર્મચારી અધિકારી/ વિભાગીય કર્મચારી અધિકારી → નાયબ મુખ્ય કર્મચારી અધિકારી/ વરિષ્ઠ વિભાગીય કર્મચારી અધિકારી →મુખ્ય કર્મચારી અધિકારી / વિભાગીય રેલવે મેનેજર/ વધારાના વિભાગીય રેલવે મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**સિવિલ એન્જિનિયરીંગ, મિકેનિકલ એન્જિનિયરીંગ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ અથવા કોમર્સ કે એકાઉન્ટન્સીમાં ડિગ્રી ઉપલબ્ધ કરાવતી હોય તેવી ભારતમાં આવેલી કોઈપણ માન્યતા પ્રાપ્ત કોલેજ.**

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**આનંદ મધુકર** ૧૯૯૭ સિવિલ સર્વિસીસ પરીક્ષા બેચના આઈ.આર.પી.એસ. (ભારતીય રેલ્વે કર્મચારી સેવા) અધિકારી છે. હાલમાં, તેઓ નાણાં મંત્રાલયના નાણાકીય સેવા વિભાગમાં, સંયુક્ત સચિવ સ્તર પર, વિશેષ ફરજ પરના અધિકારી તરીકે નિયુક્ત છે. શ્રી મધુકરે દિલ્હી યુનિવર્સિટીની હંસરાજ કોલેજમાંથી ઈતિહાસના વિષય સાથે અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.*

સ્રોત: https://nhb.org.in/anand-madhukar-profile/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

યુ.પી.એસ.સી., સિવિલ સર્વિસ, ઈન્ડિયન રેલવે મેનેજમેન્ટ સર્વિસ એકઝામ